ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧ માર્ચ, ૨૦૨૬

# મેક્સિકન ડ્રગ લોર્ડ એલ મેન્ચોનું ભારત કનેક્શનઃ ડ્રગ લોર્ડના મોતથી કાર્ટેલ નથી અટકી જતું



**ભારતનું ફાર્માસ્યુટિકલ સેક્ટર વિશ્વમાં ત્રીજા ક્રમે છે, જે ડ્રગ માફિયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ન્યૂઝમીટરમાં વરિષ્ઠ ક્રાઇમ જર્નાલિસ્ટ મનીષ પચૌલીના એક રિપોર્ટ અનુસાર મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન પ્રતિ કિલો આશરે રૂ. 2 કરોડમાં વેચાય છે અને તે ભેળસેળીયું હોવા છતાં અસરકારક હોય છે. તેની સરખામણીમાં એટલા જ જથ્થામાં કોકેઈનની કિંમત રૂ. 6 થી 8 કરોડ હોય છે. સસ્તું ઉત્પાદન, એટલી જ અસર, સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ અને દરિયાઈ માર્ગે પકડાઈ જવાનું કોઈ જોખમ નહીં**

એણે ક્યારેય કોઈ ઈન્ટરવ્યુઝ નહોતા આપ્યા. તાજેતરનો કહી શકાય તેવો એનો કોઈ ફોટોગ્રાફ પણ નથી. વર્ષો સુધી, વેસ્ટર્ન હેમિસ્ફિયરનો “મોસ્ટ વૉન્ટેડ” માણસ જેલિસ્કોના પહાડોમાં ધુમ્મસની માફક ફરતો રહ્યો અને લોકો માત્ર તેનો ચહેરો કેવો હશે તેની કલ્પના કરતા રહી ગયા. ફેબ્રુઆરીની 22મી તારીખે મેક્સિન સ્પેશિયલ ફોર્સિઝે તાપાલ્પાના પહાડી વિસ્તારના કમ્પાઉન્ડમાં નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસ (Nemesio Oseguera Cervantes) ઉર્ફે ‘એલ મેન્ચો’ (El Mencho)ને ચારેબાજુથી ઘેરી લીધો. તેણે પોતાના બૉડીગાર્ડ્ઝ સાથે આસપાસના જંગલોમાં ભાગી જવાની પુરી કોશીશ કરી પણ તેની પર દિલધડક એન્કાઉન્ટર પછી મેક્સિકો શહેર જનારા હેલિકોપ્ટરમાં મોતને ભેટ્યો. એનું મોત પણ એવું થયું જાણે તે મરતી વેળાએ પણ જાતને લોકોની સામે આવવા દેવા નહોતો માગતો. અહીં આપણે વૈશ્વિક સ્તરે ચાલતા ડ્રગ કાર્ટેલ્સની વાત કરીએ છીએ. નાનકડી ગલીઓમાં વેચાતા ગાંજાનું આ બધા સામે કોઈ ગજું નથી પણ આ ડ્રગ લોર્ડ્ઝની જિંદગી પર બનેલી સિરીઝ હોંશે હોંશે જોવાતી હોય ત્યારે તેમનું નેટવર્ક, તેમની પહોંચ, તેમની પકડ અને છટકબારીઓ વિશે જાણવું કોઈ વેબ-સિરીઝ જોવા જેટલું જ રસપ્રદ હોય છે.

એલ મેન્ચોનું મૃત્યુ એક મહત્વની ક્ષણ હતી, પરંતુ તેના ગણતરીના કલાકોમાં જ ‘જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ’ (CJNG) એ અડધા મેક્સિકોને અરાજકતાથી ભડકે બાળ્યું. આ હિંસા નબળાઈની નહીં, પણ સંસ્થાકીય ‘મસલ મેમરી’નું પ્રદર્શન હતું. 252 રસ્તાઓ જામ થયા અને ગુડાલજારા, જ્યાં જૂનમાં FIFA વર્લ્ડ કપની મેચોની યજમાની થવાની છે, તે અચાનક એક ભેંકાર શહેરમાં ફેરવાઈ ગયું. એરલાઈન્સે પશ્ચિમ મેક્સિકોમાં ફ્લાઈટ્સ રદ કરી દીધી. અહેવાલો મુજબ, CJNG ના ફાઈનાન્શિયલ ચીફ ‘એલ તુલી’એ માર્યા ગયેલા દરેક સૈનિક દીઠ 20,000 પેસોની ઓફર કરી હતી; જોકે સાંજ સુધીમાં તેમને પતાવી દેવાયા. અંતે એ સાબિત થયું કે, આ ગુનાખોરીના મશીનને ચાલુ રહેવા માટે ટોચ પર બેઠેલા માણસની જરૂર નથી.

વિશ્લેષક ક્રિસ ડાલબીના મતે, આ કોઈ કંપનીના CEO ને હટાવવા જેવું છે. CEO જાય પણ કંપની (વેપલો) ચાલુ રહે છે. ‘કિંગપિન સ્ટ્રેટેજી’ હંમેશા સફળ નથી થતી; 2016માં ‘એલ ચાપો’ પકડાયો ત્યારે પણ હિંસા વધી હતી. આપણે દાઉદ અને છોટા રાજન વગેરેની ગેંગમાં થયેલા વિભાજનો વિશે સાંભળ્યું છે, ફિલ્મો જોઈ છે, વૈશ્વિક સ્તરે પણ ગુનાખોરીની બબાલો એવી જ હોય છે. એલ મેન્ચોના મોત પછી તેની ગાદી કોણ સંભાળશે એવી કોઈ સ્પષ્ટતા નથી એટલે મેક્સિકો અત્યારે આ જનરેશનનો નવો ડ્રગ લોર્ડ કોણ બનશે તે નક્કી કરનારા એક ખતરનાખ યુદ્ધમાં પ્રવેશી રહ્યું છે.

તમને એમ થશે કે આપણને દાઉદમાં રસ છે બાકી બધું ઠીક પણ એલ મેન્ચોની વાર્તાનું એક બીજું પાસું છે જેના પર પશ્ચિમી દેશો ધ્યાન નહીં આપે અને આ એવી બાબત છે જેની ચિંતા ભારતે કરવી જોઈએ. CJNG એ માત્ર મેક્સિકોના માથાનો દુખાવો નહોતો. તે દુનિયાના ગુનાહિત સંગઠનોમાંનું એક સૌથી આધુનિક સંગઠન બની ગયું હતું. તેનું મહત્વ વધ્યું તેનું કારણ હતું તેની સપ્લાય ચેનમાં આવેલું પરિવર્તન. દક્ષિણ અમેરિકાથી જોખમી દરિયાઈ માર્ગેથી ઉત્તરમાં કોકેઈન મોકલવામાં છ મહિનાનો સમય લાગે, દરેક બંદરે પકડાઈ જવાની ધાસ્તી હોય. આવામાં CJNGએ કૃત્રિમ નશીલા પદાર્થો એટલે કે સિન્થેટિક ડ્રગ્ઝમાં ઝંપલાવ્યું. CJNGએ પ્રિકર્સર્સ (રાસાયણિક કાચો માલ) માંથી મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન બનાવવાનું શરૂ કર્યું. આ કાચા માલ માટે ચીન, તુર્કી અને ભારત જેવા પૂર્વીય દેશો તરફ વળ્યા.

ભારતનું ફાર્માસ્યુટિકલ સેક્ટર વિશ્વમાં ત્રીજા ક્રમે છે, જે ડ્રગ માફિયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ન્યૂઝમીટરમાં વરિષ્ઠ ક્રાઈમ જર્નાલિસ્ટ મનીષ પચૌલીના એક રિપોર્ટ અનુસાર મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન પ્રતિ કિલો આશરે રૂ. 2 કરોડમાં વેચાય છે અને તે ભેળસેળીયું હોવા છતાં અસરકારક હોય છે. તેની સરખામણીમાં એટલા જ જથ્થામાં કોકેઈનની કિંમત રૂ. 6 થી 8 કરોડ હોય છે. સસ્તું ઉત્પાદન, એટલી જ અસર, સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ અને દરિયાઈ માર્ગે પકડાઈ જવાનું કોઈ જોખમ નહીં: CJNG માટે ભારત માત્ર કાચા માલનો સ્ત્રોત નહોતો, પરંતુ અહીં ઉત્પાદન (manufacturing)ની એક મોટી તક હતી.

US DEA ના 2025ના રિપોર્ટ મુજબ, કાર્ટેલ્સ હવે સરળતાથી મળતા ફિનાઈલ-2-પ્રોપાનોન અથવા P2P જેવા કેમિકલ્સનો ઉપયોગ કરે છે, જે ભારતમાંથી પણ મેળવવામાં આવે છે. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝે અલગથી દસ્તાવેજી પુરાવા આપ્યા છે કે CJNG તેના મુખ્ય ઓપરેશનલ માળખાના ભાગરૂપે ચીન, ભારત અને તુર્કીમાંથી આ કેમિકલ્સ મેળવે છે.

ભારતમાં માત્ર કાચા માલના વેપાર સુધી આ ખેલ મર્યાદિત નથી. આ કાર્ટેલે દિલ્હી-NCR, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પંજાબમાં મેથામ્ફેટામાઈન અને મેફેડ્રોન બનાવતી ગુપ્ત પ્રયોગશાળાઓ સ્થાપી છે. નવેમ્બર 2024માં, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ગ્રેટર નોઈડાના ગૌતમ બુદ્ધ નગરના એક ઔદ્યોગિક વિસ્તારમાં મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી પર દરોડો પાડ્યો હતો. મનીષ પચૌલીએ ટાંક્યા અનુસાર, ત્યાં તેમને માત્ર સાધનો અને રસાયણો જ નહીં ફેક્ટરી સ્થાપવા માટે આવેલો મેક્સિકન કાર્ટેલ ઓપરેટિવ પોતે ઝડપાયો હતો.

મનીષ પચૌલી ચોંકાવનારી બાબતો ટાંકે છે. ભારતીય દરિયાઈ સીમામાંથી 6,000 કિલોગ્રામ મેથામ્ફેટામાઈન (કિંમત આશરે રૂ. 6,000 કરોડ) જપ્ત કરાયું, જે CJNG અને ચીની નેટવર્ક સાથે જોડાયેલું હતું.

પોલીસવાળાનો છોકરો ગુનેગાર બને એવું તો આપણે ફિલ્મોમાં જોયું છે, અમુક પોલીસવાળા ભ્રષ્ટ હોય એવું આપણા સમાજનું સ્વીકારાયેલું સત્ય છે. તમને કદાચ એટલે નવાઈ નહીં લાગે પણ એલ મેન્ચો પોતે પોલીસ અધિકારી હતો. નેવુંના દાયકાની શરૂઆતમાં તે ગ્વાડલજારા મ્યુનિસિપલ પોલીસમાં જોડાયો અને પછી ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ્યો. કેલિફોર્નિયામાં હેરોઈન સંબંધિત ગુનાઓમાં જેલની સજા કાપ્યા બાદ તે મેક્સિકો પાછો ફર્યો અને ‘મિલેનિયો કાર્ટેલ’માં આગળ વધતો રહ્યો. 2007ની આસપાસ તેણે બીજા ગુનાખોરો સાથે મળી CJNGની સ્થાપના

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

કરી. વિશ્લેષક ક્રિસ ડાલ્બીના શબ્દોમાં કહીએ તો, તેણે જે સંગઠન ઊભું કર્યું તે જીતવાની બાબતે ‘લગભગ ચંગીઝ ખાન જેવી પદ્ધતિ’ ધરાવતું હતું, વિરોધીઓનો સફાયો કરવો અને દરેક હત્યાકાંડનો ઉપયોગ પ્રાદેશિક વર્ચસ્વનો સંદેશ આપવા માટે કરવો. અમેરિકાએ તેના પર 1.5 કરોડ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. પણ ગયા અઠવાડિયે તાપાલ્પાની ઘટના પહેલાં તે ક્યારેય પકડાયો નહોતો. તેના મૃત્યુનો ભારત માટે શું અર્થ છે? નેટવર્કમાં થોડો વિક્ષેપ ચોક્કસ આવશે, પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અકબંધ છે.

...અનુસંધાન પાના નં. 4

### બાય ધી વે

આપણે એ શોધવાનું છે કે એલ મેન્ચો હોય કે ન હોય, પણ ભારત સાથે CJNGની પ્રવૃત્તિઓનું સંકળાયેલું હોવું આપણી ઇન્ટેલિજન્સ ક્ષેત્રની કઈ ખામીઓ છતી કરે છે? 6,000 કિલો ડ્રગ્સનું ઝડપાવું કે NCRમાં મેક્સિકન ઓપરેટિવ્સની હાજરી એ કોઈ નાની ઘટનાઓ નથી, પણ મોટા સંકેતો છે. અત્યારે કાર્ટેલમાં અરાજકતા છે, ત્યાં નવો માણસ ગોઠવાય તે પહેલાં આ તંત્રને તોડવું જરૂરી છે. એલ મેન્ચો મરી ગયો છે, કાર્ટેલ નહીં. તેણે ભારતમાં ગોઠવેલું ઇન્ફ્રાસ્ટ્રક્ચર આપમેળે પડી નહીં ભાંગે. તેની કડીઓ શોધીને તે ફરી કામે લાગે તે પહેલાં આ નેક્સસને જડમૂળથી ઉખેડવું અનિવાર્ય છે. આમ તો પાબ્લો એસ્કોબારે પોતાને માટે ઉભા કરેલા ઝૂનું પણ ભારત કનેક્શન છે પણ, “વો કહાની ફિર કભી...”

# મુજે ઈન્સાફ નહીં મિલા!




ત્રણ પ્રકારના લોકો અદાલતમાં જાય છે. એક એ જેનાથી અન્યાય સહન થતો નથી, ન્યાય માટે ઝૂરે છે અને ધાર્યો ન્યાય મેળવવા માટે તેમની પાસે મસલ પાવર, મની પાવર કે ઓળખાણ જેવી અન્ય તાકાત નથી. તેમની પાસે બે જ વિકલ્પ છે; કાં તો અન્યાય સહન કરીને બેસી જાય અથવા અદાલતમાં ન્યાય માગવા જાય. ન્યાય માટેનો ઝૂરાપો એટલો હોય છે કે ભારતીય ન્યાયતંત્રમાં ઝડપી અને કદાચ સાચો ન્યાય મળવાનો નથી તેવી શંકા હોવા છતાં તેઓ અદાલતમાં જાય છે. અન્યાય સહન નહીં કરીને અને અન્યાયને પડકારીને તેઓ કમસેકમ પોતાની જાતને, પોતાના અંતરાત્માને ન્યાય કરે છે. ૨૦૧૭માં દિલ્હીમાં ૧૦૩ વરસની ઉંમરે ગુજરી ગયેલાં અમર કૌરના છેલ્લા શબ્દો હતા ઈન્સાફ. મુઝે ઈન્સાફ મિલા નહીં. એ કદાચ ઈન્સાફ જોવા માટે જ આટલું લાંબુ જીવ્યાં હતાં. લુધિયાણાનાં વતની અમર કૌરના પુત્ર અને જમાઈનું ૧૯૯૪ની સાલમાં અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી હત્યા કરવામાં આવી હતી. બે દાયકા પછી પણ ખટલાની સુનવાઈ થતી નહોતી અને ન્યાય મળતો નહોતો એટલે અમર કૌર ૨૦૦૪ની સાલમાં સર્વોચ્ચ અદાલતમાં ગયાં. સર્વોચ્ચ અદાલતે માથાભારે લોકો ન્યાયનું કાસળ ન કાઢો એ માટે કેસને લુધિયાણાની અદાલતમાનથી દિલ્હીની અદાલતમાં ટ્રાન્સફર કર્યો. અમર કૌરને લાગ્યું કે હવે તો ન્યાય મળશે જ પણ ૧૩ વરસ રાહ જોયા પછી ૨૦૧૭ની સાલમાં તેઓ ‘ઈન્સાફ’ ‘ઈન્સાફ’ એમ વલોપાત કરતાં ચાલ્યાં ગયાં.

અદાલતમાં જનારા બીજા પ્રકારના લોકો એ છે જે પૈસા દ્વારા ન્યાય ખરીદી શકે છે અથવા જજોને ડરાવી ધમકાવીને કે લાલચ આપીને ન્યાય મેળવી શકે છે. બજારમાં રમકડું ખરીદવા ગયેલો માણસ જેમ તેને જોઈએ છે એ જ રમકડું ખરીદી આવે છે એમ આ લોકો તેમને જે ‘ન્યાય’ જોઈએ છે એ જ ‘ન્યાય’ ખરીદી આવે છે કે મેળવી લે છે. તેમને અમર કૌરની માફક બે-ત્રણ દાયકા રાહ જોવી પડતી નથી અને તેમને ન્યાય પણ તેમની ઈચ્છાની વિરુદ્ધ મળતો નથી. તેમને જે જોઈએ છે એ જ અદાલત તેમને આપે છે અને એ પણ ઝડપથી. ઉપરથી અદાલતી ચુકાદાનું લેબલ લાગી ગયું એટલે બધું ન્યાયી અને નૈતિક બની ગયું. બાબરી મસ્જીદનો ચુકાદો આનું સૌથી મોટું અને સૈકાઓ સુધી યાદ રહેનારું ઉદાહરણ છે. દરજી માપ મુજબ ખમીસ સીવી આપે એમ ચુકાદો સીવી આપ્યો. જજો તેમના આક્કાઓની ખિદમત કરે છે. આક્કાઓ એ છે જેમની પાસે સત્તા છે અથવા પૈસા છે અને હવે તો બન્ને છે.

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

અદાલતમાં જનારા ત્રીજા પ્રકારના લોકો આળવીતરા છે. તેઓ ન્યાય મેળવવા માટે અદાલતમાં નથી જતા, પરંતુ ન્યાયનું પવિત્ર મંદિર કેટલું ગોબરું છે એ પ્રજાને અને જગતને બતાવવા માટે અદાલતમાં જાય છે. તેમને ખબર છે કે તેમને ન્યાય મળવાનો નથી, પણ એ બહાને જજનું અને ન્યાયતંત્ર નામની કહેવાતી સ્વતંત્ર સંસ્થાનું પાણી માપી લેવાય. જજો (ખાસ કરીને ઉપલી અદાલતોમાં અને એમાં પણ સર્વોચ્ચ અદાલતમાં બિરાજમાન જજો) પણ જાણતા હોય છે કે આ લોકો તેમનું પાણી માપવા અદાલતમાં આવ્યા છે, પણ કરે શું? બિચારા સુનાવણી દરમ્યાન ન્યાયની મહાન વાતો કરે, સ્થાપિત હિતો વિરુદ્ધ આકરા વેણ બોલે, પણ ચુકાદો આપવામાં આવે ત્યારે પાણીમાં બેસી જાય. આળવીતરા દેશદ્રોહીઓ માટે આટલું પૂરતું છે. આવા આળવીતરાઓને સોક્રેટિસે બગાઈ તરીકે ઓળખાવ્યા છે. જેમ બગાઈ ઢોર ગમે એટલું ધમપછાડા કરે પણ તેનો આંચળ છોડતી નથી એમ સમાજના આવા ઉપદ્રવી આળવીતરાઓ બીકાઉ અને નમાલાઓને તેમની જગ્યા બતાવ્યા વિના છોડતા નથી. સોક્રેટિસે કહ્યું હતું કે સમાજને આવી બગાઈની જરૂર હોય છે. સમાજની તન્દુરસ્તી માટે આવશ્યક છે. આજકાલ આવી બગાઈને ખાન માર્કેટ ગેંગ, અર્બન નક્સલ, ટુકડે ટુકડે ગેંગ, દેશદ્રોહી, હિન્દુદ્રોહી, વગેરે નામે ઓળખવામાં આવે છે.

ન્યાયતંત્રનો ચહેરો ગોબરો છે અને તે ભ્રષ્ટ છે એ શાળાના પાઠ્યપુસ્તકનો વિષય બની જાય ત્યારે અદાલતોમાં બિરાજમાન ન્યાયમૂર્તિઓએ શરમાવું જોઈએ કે ક્રોધિત થવું જોઈએ? તેમને સોક્રેટિસે ઓળખાવેલી બગાઈ બહુ પજવે છે એ ખરું, પણ એ ઉપરાંત અમર કૌરનો ઈન્સાફ માટેનો ઝૂરાપો અને સ્થાપિત હિતોની ઉઘાડું બીભત્સ વલણ પણ કારણભૂત છે. અમર કૌર ન્યાયતંત્રને પ્રાસંગિક બનાવે છે અને સ્થાપિત હિતો ન્યાયતંત્રને અપ્રાસંગિક અને હાસ્યાસ્પદ બનાવે છે. રોજે રોજ ન્યાયની ડેલીએથી હતાશ થઈને પાછા જતા લોકોનો ચહેરો ઘણું બધું કહી જાય છે. તો બીજી બાજુ આ દેશમાં દરેક ચીજ બીકાઉ જણસ છે જે ખરીદી શકાય છે અથવા દરેકને ડરાવી શકાય છે અને તેમાં ન્યાયનો અને ન્યાયાધીશોનો પણ સમાવેશ થાય છે એવું નીચ જનોનું બીભત્સ વલણ લોકોને નજરે પડે છે. ટૂંકમાં સામાન્ય માણસનો ન્યાય માટેનો ઝૂરાપો, સ્થાપિત હિતોનું બીભત્સ વર્તન અને પવિત્ર જગ્યાએ બેસીને અપવિત્ર કામ કરનારાઓને ઉઘાડા પાડતી બગાઈ એમ ત્રણેયે મળીને ન્યાયતંત્રનો ‘સાચો’ ચહેરો ઉઘાડો કર્યો છે. હા, સાચો ચહેરો. ક્રોધ કરવાથી ચહેરો બદલાંવાનો નથી. લોકોનો તમારા વિશેનો અભિપ્રાય પણ બદલવાનો નથી.

તમને ખબર છે દેશભરમાં પાંચ કરોડ ત્રીસ લાખ કેસ અદાલતોમાં ન્યાયની રાહ જોતા પડ્યા છે? તમને કદાચ એ વાતની પણ જાણ નહીં હોય કે એમાં ૩૦ ટકાનો વધારો ૨૦૨૦ થી ૨૦૨૫નાં માત્ર પાંચ વર્ષમાં થયો છે. વરસે છ ટકાનો વધારો ભરાવો થયો છે અને ચાર કરોડ ૭૦ લાખ કેસ નીચલી અદાલતોમાં પડ્યા છે.

આનું કારણ એ છે કે દેશને જેટલી અદાલતોની અને જજોની જરૂર છે એમાં અછત છે. ભારતમાં દસ લાખ લોકો દીઠ માત્ર ૨૧ જજ છે. એમાં ૨૦ ટકા જગ્યાઓ ખાલી પડી છે. અર્થાત્ દસ લાખ લોકો દીઠ ૧૫ જજ. યુરોપના દેશોમાં દસ લાખ લોકો

**ન્યાયાધીશોએ અકળાવાની જગ્યાએ આત્મમંથન કરવાની જરૂર છે. પોતાની જાતને પૂછવું જોઈએ કે આપણે ન્યાયને, કાયદાને, બંધારણને, બંધારણીય મૂલ્યોને, માનવીય મૂલ્યોને અને ન્યાય માગવા આવેલ સામાન્ય માણસ માટે કેટલી નિસ્બત ધરાવીએ છીએ?**

દેશમાં દેશપ્રેમી સરકાર નહોતી અને દેશદ્રોહીઓ રાજ કરતા હતા ત્યારે નહોતો થયો. એકલી સર્વોચ્ચ અદાલતમાં ૮૯,૪૩૪ કેસો ચુકાદાની રાહ જોતા પડ્યા છે અને એમાં એક કેસ તો ચાર દાયકા જૂનો છે. દેશની વડી અદાલતોમાં ૬૩ લાખ કેસોનો દીઠ સરેરાશ ૨૨૦ જજો છે, અમેરિકામાં આનું પ્રમાણ ૧૫૦ જજોનું છે, જર્મનીમાં ૨૪૫ જજો છે, કેનેડામાં ૧૨૦ જજો છે. વિકસિત લોકશાહી દેશો ન્યાયતંત્ર પાછળ જીડીપીના ૦.૫ ટકા નાણાં ખર્ચે છે

...અનુસંધાન પાના નં. 4

### સિલી પોઈંટ

